મુંબઈ | મંગળવાર | ૫ ઓક્ટોબર, ૨૦૧૦
દિવ્ય ભાસ્કર

# નવરાત્રિ નજીક આવતાં કોસ્મેટિક સર્જનોને કમાણી

**સુંદર દેખાવા માટે યુવક-યુવતીઓ કોસ્મેટિક સર્જનો પાસે દોડ્યા**

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ

નવરાત્રિ નજીક આવતાં અસાધારણ દેખાવ માટે યુવક-યુવતીઓનો કોસ્મેટિક સર્જનો પાસે ધસારો થઈ રહ્યો છે. નવરાત્રિમાં સારામાં સારાં કપડાં, એસેસરીઝ સાથે ત્વચા ચમકીલી બને, ચહેરા પર ચમક આવે તે માટે તેઓ કોસ્મેટિક સર્જનો તરફ વળી રહ્યાં છે.

દર વર્ષે નવરાત્રિ આવે એટલે આવા માહોલ જોવા મળે છે. આને કારણે કોસ્મેટિક સર્જનોની ભારે બોલબાલા હોય છે. નવરાત્રિ પછી દશેરા, દિવાળી અને નવું વર્ષ પણ આવતું હોવાથી યુવક- યુવતીઓ સારાં કપડાં સાથોસાથ દેખાવ પણ અસાધારણ હોય તેની પર હવે વધુ ભાર આપવા લાગ્યા છે. પરિણામે તેઓ કોસ્મેટિક સર્જનો પાસે વળી રહ્યાં છે, એમ બ્રીચ કેન્ડી હોસ્પિટલના સિનિયર કોસ્મેટિક સર્જન ડો. મોહન થોમસે જણાવ્યું હતું. નવરાત્રિમાં મુખ્યત્વે ૨૦થી ૪૦ વયજૂથનાં યુવક- યુવતીઓ મોટી સંખ્યામાં આવે છે. એમાંય સમયના અભાવે બપોરે લંચના સમયે ધસારો રહે છે. ઓછા સમયમાં તેઓ સેગિંગ, કરચલી અથવા ઉંમરને કારણે ત્વચા પર ઉપચાર કરવા માટે આવે છે. ગત વર્ષથી આ ઉપચાર લેવાની સંખ્યા વધી છે. આની પાછળનું મુખ્ય કારણ બોટોક્સ છે. બોટોક્સને લીધે કરચલી કાઢવામાં આવે છે, આંખોની આસપાસ રેખા પણ કાઢવામાં આવે છે. હડપચી, સ્મિત રેખા, હોઠ અને ગાલના ઉપચાર માટે તેનો ઉપયોગ કરાય છે. ત્વચાને પોલિશ કરાતી હોવાથી તે સારી દેખાય છે. ચહેરો નીખરી આવે છે. આથી બોટોક્સની વધુ માગણી છે, એમ તેમણે જણાવ્યું હતું.